# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૧૦ તા.૨૪-૧-૧૯

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય :- 'રાષ્ટ્રીય મતદાતા દિવસ' ની ઉજવણી કરવા બાબત.

સંદર્ભ :- ક્રમાંક પ્રાશિનિ/સંકલન/મતદાતાદિવસ/૨૦૧૯/૭૫૩-૮૦૭ સંયુક્ત શિક્ષણ નિયામકશ્રીનો તા.૨૩-૧-૧૯નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, ચૂંટણી પંચ નવી દિલ્હીના સ્થાપના દિવસ તા.૨૫ મી જાન્યુઆરીને કેન્દ્ર સરકાર દ્વારા 'રાષ્ટ્રીય મતદાતા દિવસ'તરીકે જાહેર કરવામાં આવેલ છે. ચાલુ વર્ષે ૨૫-૧-૧૯ના રોજ 'રાષ્ટ્રીય મતદાતા દિવસ'ની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવેલ છે. શિક્ષકો તથા વિદ્યાર્થીઓએ સમુહમાં આ સાથે આપેલ પ્રતિજ્ઞાનું સમુહમાં વાચન કરવાનું રહેશે. જે અંતર્ગત સંદર્ભિત પત્ર આ સાથે સામેલ છે. જેનો ચિવટપૂર્વક અભ્યાસ કરી પત્રમાં આપેલ સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

બિડાણ :- સંદર્ભિત પત્ર.

તા.૨૪-૧-૧૯

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

તા.૨૫/૦૧/૨૦૧૯ ના રોજ "રાષ્ટ્રીય મતદાતા દિવસ" ની ઉજવણી કરવા બાબત.

ક્રમાંકઃપ્રાશિનિ/સંકલન/મતદાતાદિવસ/૨૦૧૯/૭૫૩-૮૦૭
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા. ૨૩/૦૧/૨૦૧૯

**વંચાણે લીધાઃ-** શિક્ષણ વિભાગના ક્રમાંકઃપરચ/૧૨૨૦૧૮/૪૩૦/વ.૨ તા.૨૬/૧૨/૨૦૧૮

**પરિપત્રઃ-**

ચુંટણી પંચ, નવી દિલ્હીના સ્થાપના દિવસ તા. ૨૫ મી જાન્યુઆરીને કેન્દ્ર સરકાર દ્વારા "રાષ્ટ્રીય મતદાતા દિવસ" તરીકે જાહેર કરવામાં આવેલ છે. દર વર્ષે ૨૫ મી જાન્યુઆરીના રોજ રાજ્ય કક્ષાએથી લઈ મતદાન મથક સુધી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.ચાલુ વર્ષે પણ તા.૨૫/૦૧/૨૦૧૯ ના રોજ "રાષ્ટ્રીય મતદાતા દિવસ" ની ઉજવણી કરવાનુ નક્કી કરવામાં આવેલ છે.

"રાષ્ટ્રીય મતદાતા દિવસ" ની ઉજવણીના ભાગરૂપે ભારતના ચુંટણી પંચ દ્વારા એક પ્રતિજ્ઞા પત્ર નિયત કરવામાં આવેલ છે. જે રાષ્ટ્રીય મતદાતા દિનની ઉજવણીના સમારંભમાં ઉપસ્થિત તમામ વ્યક્તિઓએ સમૂહમાં વાંચીને પ્રતિજ્ઞા લેવાની રહેશે. (પ્રતિજ્ઞાની હિન્દી, ગુજરાતી અને અંગ્રેજી નકલ આ સાથે સામેલ રાખેલ છે.)

રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં તા.૨૫/૦૧/૨૦૧૯ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે શાળાના તમામ શિક્ષકો અને વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ભાગ લેવાનો રહેશે. સૌ પ્રથમ શાળાના વિદ્યાર્થીઓને શિક્ષકો દ્વારા પ્રતિજ્ઞા વિશે સમજ આપવાની રહેશે. ત્યાર બાદ સમૂહમાં પ્રતિજ્ઞા લેવાની રહેશે. આપના જિલ્લા હસ્તકની તમામ શાળાઓમાં આપની કક્ષએથી "રાષ્ટ્રીય મતદાતા દિવસ" ની ઉજવણી માટેની સુચનાઓ આપી તે અંગેની વ્યવસ્થા કરવા આથી સુચના આપવામાં આવે છે.

વધુમાં આ પ્રતિજ્ઞાપત્ર આપના જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં જાહેર નોટીસ બોર્ડ પર કાયમી ધોરણે રાખવામાં આવે તેવી વ્યવસ્થા કરશો.

સંયુક્ત શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા.ગાંધીનગર

પ્રતિ,

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણ સમિતિ, તમામ
- શાસનાધિકારીશ્રી, નગર શિક્ષણ સમિતિ, તમામ

**નકલ સવિનય રવાના જાણ સારૂ . . .**

- મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી અને અગ્રસચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શ્રી બી. વી. રાઠવા, ઉપસચિવશ્રી, વ-૨ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

Scanned by CamScanner

ક્રમાંક-પરચ-૧૨૨૦૧૮/૪૩૦/વ.૨

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

સચિવાલય,ગાંધીનગર

તા.૨૬/૧૨/૨૦૧૮

પ્રતિ,

(૧) નાયબ સચિવશ્રી(મહેકમ),શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર

(૨) કમિશ્નરશ્રી શાળાઓની કચેરી,બ્લોક નં ૯,ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૩) કમિશ્નરશ્રી,મ.ભો.યો.અને શાળાઓ,બ્લોક નં ૯, ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર

(૪) નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણની કચેરી,બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર

(૫) નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર

(૬) નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી,બ્લોક નં ૨, ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર

(૭) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી,સમગ્ર શિક્ષા અભિયાન,સેક્ટર નં-૧૭,ગાંધીનગર

(૮) સચિવશ્રી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,સેક્ટર નં ૧૦બી,ગાંધીનગર

(૯) નિયામકશ્રી,ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ, સેક્ટર ૧૦/એ,ગાંધીનગર

(૧૦) નિયામકશ્રી,સાક્ષરતા અને નિરંતર શિક્ષણ,બ્લોક-૧૨,ગાંધીનગર

(૧૧) સચિવશ્રી ગુજરાત રાજ્ય પરિક્ષા બોર્ડ, સેક્ટર-૨૧,ગાંધીનગર

(૧૨) નિયામકશ્રી ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ સેક્ટર નં ૧૨ ગાંધીનગર

(૧૩)નિયામકશ્રી,ગુજરાત શૈક્ષણિક ટેક્નોલોજી ભવન,નવરંગપુરા,અમદાવાદ

(૧૪) નિયામકશ્રી એન.સી.સી.હનુમાન કેમ્પ,કેન્ટોનમેન્ટ એરીયા અમદાવાદ

વિષય:- રાષ્ટ્રીય મતદાતા દિન-૨૦૧૯ ની ઉજવણી બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે સામાન્ય વહિવટ વિભાગના તા.૦૫/૧૨/૨૦૧૮ના પત્ર ક્રમાંક:એનવીડી-૧૦૨૦૧૮-૪૦૫૧-છ(SVEEP)ની નકલ આ સાથે બિડાણ સહિત સામેલ રાખી મોકલી આપતા આજ્ઞાનુંસાર જણાવવાનું કે, આગામી રાષ્ટ્રીય મતદાતા દિન-૨૦૧૯ ની ઉજવણી અન્વયે ચૂંટણી પંચ, નવી દિલ્હીની સુચના અનુસાર આ સાથે સામેલ પ્રતિજ્ઞા પત્ર વિભાગ/ખાતાના વડાઓની કચેરીના પ્રત્યેક અધિકારી/કર્મચારીઓ ધ્વારા પ્રતિજ્ઞા લેવામાં આવે તે માટે વિભાગ/ખાતાના વડાઓની કચેરી તેમજ આપના હસ્તકની કચેરીઓમાં પરિપત્રિત કરાવી તા.૨૫-૦૧-૨૦૧૯ ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે આ પ્રતિજ્ઞા લેવામાં આવે તે પ્રમાણની સૂચના આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

(બી.વી.રાઠવા)

ઉપ સચિવ

શિક્ષણ વિભાગ

બિડાણ:ઉપર મુજબ

1907

Hod Draft.

ક્રમાંક : એનવીડી-૧૦૨૦૧૮-૪૦૫૧ -છ (SVEEP)

મજબૂત લોકશાહી - સૌની ભાગીદારી

સત્યમેવ જયતે

ડૉ. એસ. મુરલી ક્રિષ્ણા, આઈએએસ
મુખ્ય નિર્વાચન અધિકારી
અને સચિવ,
ગુજરાત રાજ્ય

સામાન્ય વહીવટ વિભાગ
બ્લોક નં. ૭, બીજો માળ,
સરદાર ભવન, સચિવાલય,
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

તારીખ : ૦૫-૧૨-૨૦૧૮

નોં. ક્ર. :- ACS
શાખા :-
7 DEC 2018
SG-9293
શિક્ષણ વિભાગ
નવા સચિવાલય, ગાંધીનગર

પ્રતિ,

અધિક મુખ્ય સચિવશ્રી /અગ્ર સચિવશ્રી / સચિવશ્રી

સચિવાલયના સર્વે વિભાગો

**વિષયઃ- રાષ્ટ્રીય મતદાતા દિન-૨૦૧૯ ની ઉજવણી બાબત.**

શ્રીમાન,

ચૂંટણી પંચ, નવી દિલ્હીની સ્થાપનાના દિવસને કેન્દ્ર સરકાર દ્વારા "રાષ્ટ્રીય મતદાતા દિવસ" તરીકે જાહેર કરવામાં આવેલ છે. દર વર્ષે ૨૫મી જાન્યુઆરીના રોજ રાજય કક્ષાએથી લઈ મતદાન મથક સુધી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. તદનુસાર રાષ્ટ્રીય મતદાતા દિવસ, ૨૦૧૯ ની ઉજવણી તા.૨૫-૦૧-૨૦૧૯ ના રોજ કરવામાં આવનાર છે. ઉજવણીના ભાગરૂપે ભારતના ચૂંટણી પંચે એક પ્રતિજ્ઞા પત્ર નિયત કર્યુ છે જે રાષ્ટ્રીય મતદાતા દિનની ઉજવણીના સમારંભમાં ઉપસ્થિત તમામ વ્યકિતઓએ સમૂહમાં વાંચીને પ્રતિજ્ઞા લેવાની રહે છે. આગામી રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી તા.૨૫-૦૧-૨૦૧૯, શુક્રવારના રોજ કરવામાં આવનાર છે. ચૂંટણી પંચ, નવી દિલ્હીની સુચના અનુસાર આ પ્રતિજ્ઞા આપના વિભાગના પ્રત્યેક અધિકારી / કર્મચારીઓ ધ્વારા તથા આપના વિભાગ હસ્તકના ખાતાના વડાની કચેરીઓના તમામ અધિકારી / કર્મચારીઓ ધ્વારા પણ લેવામાં આવે તે પ્રમાણેનું આયોજન કરવા વિનંતી છે. પ્રતિજ્ઞા પત્રની અંગ્રેજી, હિન્દી અને ગુજરાતી નકલ આ સાથે સામેલ રાખેલ છે જે આપના વિભાગમાં તથા ખાતાના વડાની કચેરીઓમાં પરિપત્રિત કરાવી તા.૨૫-૦૧-૨૦૧૯ ના રોજ શકયતઃ સવારે ૧૧-૦૦ કલાકે આ પ્રતિજ્ઞા લેવામાં આવે તે પ્રમાણે વ્યવસ્થા કરવા વિનંતી છે.

આ પ્રતિજ્ઞા પત્ર આપના વિભાગમાં તથા આપના વિભાગ હસ્તકની ખાતાના વડાની તમામ કચેરીઓમાં જાહેર નોટિસ બોર્ડ પર કાયમી ધોરણે રાખવામાં આવે તેવી વ્યવસ્થા પણ કરવા વિનંતી છે.

બિડાણ : પ્રતિજ્ઞા પત્ર

આપનો વિશ્વાસું

(ડૉ.એસ.મુરલી ક્રિશ્ના)
મુખ્ય નિર્વાચન અધિકારી
ગુજરાત

-23/प.रि

# ELECTION COMMISSION OF INDIA

Pledge For National Voters' Day, 25th January 2019

"हम, भारत के नागरिक, लोकतंत्र में अपनी पूर्ण आस्था रखते हुए यह शपथ लेते हैं कि हम अपने देश की लोकतांत्रिक परम्पराओं की मर्यादा को बनाए रखेंगे तथा स्वतंत्र, निष्पक्ष एंव शांतिपूर्ण निर्वाचन की गरिमा को अक्षुण्ण रखते हुए, निर्भीक होकर, धर्म, वर्ग, जाति, समुदाय, भाषा अथवा अन्य किसी भी प्रलोभन से प्रभावित हुए बिना सभी निर्वाचनों में अपने मताधिकार का प्रयोग करेंगे"

"We, the citizens of India, having abiding faith in democracy, hereby pledge to uphold the democratic traditions of our country and the dignity of free, fair and peaceful elections, and to vote in every election fearlessly and without being influenced by considerations of religion, race, caste, community, language or any inducement"

# મતદારોએ લેવાની પ્રતિજ્ઞા

અમે, ભારતના નાગરિકો, લોકશાહી તંત્રમાં શ્રધ્ધા રાખીને આથી પ્રતિજ્ઞા લઈએ છીએ કે અમે અમારા દેશની લોકતાંત્રિક પરંપરાઓની અને મુક્ત, ન્યાયી તેમજ શાંતિપૂર્ણ ચૂટણીઓની ગરીમા જાળવીશું તેમજ દરેક ચૂંટણીમાં નિર્ભયતાપૂર્વક અને ધર્મ, વંશ, જ્ઞાતિ, જાતિ, ભાષા કે અન્ય કોઈપણ પ્રકારના પ્રલોભનથી પ્રભાવિત થયા સિવાય મતદાન કરીશું.